# આણંદ ખાતે રાષ્ટ્રીય મત્સ્ય ખેડૂત દિવસની ઉજવણી

ક્ષેત્રિય સંશોધન કેન્દ્ર, આઈ.સી.એ.આર.-સીફા, આણંદ, કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, આ.કૃ.યુ., દેવાતજ તથા મદદનીશ મત્સ્યોદ્યોગ નિયામકશ્રીની કચેરી, આણંદના સહયોગથી તારીખ ૧૦ જુલાઈ, ૨૦૧૯ના રોજ અનિકેત ખેડૂત છાત્રાલય, આ.કૃ.યુ., આણંદ ખાતે "રાષ્ટ્રીય મત્સ્ય ખેડૂત દિન"ની ઉજવણી કરવામાં આવેલ જેમાં મત્સ્ય ખેડૂતો, વૈજ્ઞાનિકો, અધિકારીઓ તેમજ કર્મચારીઓ મળી ૯૦થી વધુ લોકો ઉપસ્થિત રહયા હતા.

આ કાર્યક્રમના ઉદ્ઘાટન સમારોહના અધ્યક્ષ અને જીલ્લા વિકાસ અધિકારીશ્રી અમીત પ્રકાશ યાદવે તેના વ્યક્તવ્યમાં જણાવ્યુ હતું કે આપણાં દેશમાં મત્સ્ય ઉદ્યોગ દ્વારા એક કરોડ થી વધુ લોકોને રોજગારી મળે છે. આણંદ જીલ્લો ગુજરાતમાં મીઠાપાણીના મત્સ્ય ઉછેરમાં મોખરાનું સ્થાન ધરાવે છે જેમાં ગયા વર્ષ દરમ્યાન ગામ તળાવોમાંથી ગ્રામપંચાયતને ૨ કરોડની આવક થઈ હતી. આ ઉપરાંત તેમણે સરકારની વિવિધ યોજનાઓની સાથે સાથે સંશોધિત નવી વૈજ્ઞાનિક તકનીકોનો સમન્વય કરી વધુ ઉત્પાદનની સાથે વધુ આર્થિક સધ્ધરતા મેળવવા પર ભાર મૂક્યો હતો ડો. અરુણ પટેલ, વિસ્તરણ શિક્ષણ નિયામક્શ્રી, આ.કૃ.યુ, આણંદે મત્સ્ય ખેડૂતોને તળાવમાં ઉત્પાદન વધારી વધુ આવક મેળવવા આહારમાં માછલીના ખોરાકનું મહત્વ ગુજરાતમાં રંગીન માછલીના વ્યવસાય માટેનો અવકાશ, ગુણવત્તાસભર માછલીનું ઉત્પાદન પાણીનો અસરકારક ઉપયોગ, કિસાન ક્રેડીટ કાર્ડ તેમજ સંકલિત ખેતી જેવા વિષયોની વિસ્તૃત ચર્ચા કરેલ

ઉદ્ઘાટન સમારોહની શરૂઆતમાં ડૉ. જી. જી. પટેલ, વરિષ્ઠ વૈજ્ઞાનિક અને વડા, કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, દેવાતજે કાર્યક્રમમાં ઉપસ્થિત મહાનુભાવો, મત્સ્ય ખેડૂતો અને ભાગ લેનાર સૌનું હાર્દીક સ્વાગત કર્યું હતું તથા તેમણે ખેડૂતોને તેમના તળાવમાં મત્સ્ય પર્યટન થી વધારાની આવક મેળવવા હાકલ કરી હતી. ડૉ. સી. કે. મિશ્રા, વરિષ્ઠ વૈજ્ઞાનિક, ક્ષેત્રિય સંશોધન કેન્દ્ર, ભા.કૃ.અનુ.પ.-સીફાએ આ દિવસની અગત્યતા સમજાવતા કહયુ કે પ્રેરીત પ્રજનન તકનીક દ્વારા સફળતાપૂર્વક બીજ ઉત્પાદન કરવાની સિધ્ધીએ ભારતમાં નીલ ક્રાંતી લાવવામાં મહત્વની ભૂમીકા ભજવી જેનાથી મત્સ્ય ઉત્પાદનમાં પણ વધારો લાવી શકાયો. શ્રી આર પી. સખરેલીયા, નાયબ મત્સ્યોદ્યોગ નિયામક, વડોદરાએ આણંદ જીલ્લામાં ચાલતી મત્સ્ય ઉછેરની પ્રવૃતિઓ અને નવી યોજનાઓનો ચિતાર આપ્યો હતો. મદદનીશ મત્સ્યોદ્યોગ નિયામક શ્રી એન. કે. દવે, વડોદરાએ મત્સ્યોદ્યોગ ખાતા દ્વારા આપવામાં આવતી જુદી જુદી યોજના અને સબસીડીઓનો લાભ લેવા પર ભાર મુક્યો હતો

કાર્યક્રમ દરમિયાન ગુજરાતીમાં 'મીઠા પાણીમાં મત્સ્ય ઉછેર' પર એક માર્ગદર્શક પુસ્તિકાનું વિમોચન કરવામાં આવ્યું હતું આ ઉપરાંત રંગીન માછલીના વ્યવસાય કરતાં મત્સ્યખેડૂતનું સન્માન કરવામાં આવેલ અને મીઠા પાણીમાં મોતી ઉછેર કરવા એક ઉદ્યોગ સાહસીક દ્વારા માહિતી આપવામાં આવી. આ સાથે જીલ્લા વિકાસ અધિકારીશ્રી દ્વારા જીલ્લાના ૪૦ મત્સ્ય ખેડૂતોને ગામ તળાવોના ઇજારા ચાલુ રાખવાના હુકમ સુપરત કર્યા હતા

આ કાર્યક્રમનું સફળ સંચાલન શ્રી કુશલ પટ્ટીબંધા, મત્સ્યોદ્યોગ અધિક્ષકશ્રી, આણંદ તથા શ્રી જૈમિન એચ. ભટ્ટ, વૈજ્ઞાનિક (ફીશરીઝ), કે.વી.કે., દેવાતજ દ્વારા કરવામાં આવ્યું હતું ડૉ. અજીત ચૌધરી, વૈજ્ઞાનિક, ક્ષેત્રિય સંશોધન કેન્દ્ર, સીફા, આણંદ દ્વારા કાર્યક્રમને અંતે આભારવિધી કરવામાં આવેલ.

# કાર્યક્રમની ઝાંખી












